Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

તા. 28/4/2021 / 7148

શ્રીમતી નિપુણા તોરવણે ,IPS
સચિવશ્રી
ગૃહ વિભાગ
ગુજરાત સરકાર
ગાંધીનગર

**વિષય: ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ હુકમ ના અનુસંધાન માં મીઠાઈ ફરસાણની દુકાનોમાં Takeawy અંગે સ્પષ્ટતતા બાબતે**

**સંદર્ભ : ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ હુકમ તા. 27/4/2021 ક્રમાંક વી-1/કઅવ /102020/482**

માનનીય મેડમશ્રી ,

ગુજરાત ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI ) તરફથી શુભેચ્છાઓ.

અમારા સભ્ય એસોસિએશન શ્રી ગુજરાત રાજ્ય મીઠાઈ ફરસાણ ઉત્પાદક વેપારી મહામંડળ તરફથી અમને મળેલ રજૂઆતમાં જણાવ્યા મુજબ હાલમાં આપશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામામાં મીઠાઈ અને ફરસાણની દુકાનો માટે રેસ્ટોરન્ટની જેમ Takeaway ની સુવિધા ચાલુ રાખવા અંગેની સ્પષ્ટતતા ન હોવાને કારણે મીઠાઈ ફરસાણના વેપારીઓની દુકાનોને પોલીસ અધિકારીઓ દ્વારા બંધ કરાવામાં આવે છે. આને કારણે કાચો માલ તેમજ અગાઉથી તૈયાર કરેલ ખાદ્ય સામગ્રી પડી રહેવાથી વેપારીઓને ઘણું નુકસાન થાય તેમ છે.

આ બાબત ને ધ્યાનમાં રાખી જે રીતે હુકમમાં રેસ્ટોરન્ટને Takeaway માટે પરવાનગી આપેલ છે તે રીતે મીઠાઈ અને ફરસાણના વેપારીઓને તેમની દુકાનોમાં કોવિડની ગાઇડલાઇન નું પાલન કરવાની શરત સાથે Takeaway ચાલુ રાખવા પરવાનગી અંગેની સ્પષ્ટતા કરવા અમારી આપને નમ્ર વિનંતી છે. વધુમાં આ અંગે પોલિસ વિભાગને યોગ્ય સૂચનાઓ આપવા વિનંતી છે.

આભાર સહ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

બીડાણ : ઉપર મુજબ

નકલ રવાના : શ્રી આશિષ ભાટિયા,IPS ,ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ,ગુજરાત રાજ્ય ,ગાંધીનગર

# Shree Gujarat Rajya Mithai Farsan Utpadak Vepari Mahamandal

Correspondance Address : **C/o. Kandoi Bhogilal Mulchand**
2715, Kandoi Ole, Manek Chowk, Ahmedabad - 380 001 Gujarat (India) • E-mail : gujaratsweetfarsan@gmail.com

| Chairman | President | Senior Vice President | Chief Secretary | Treasurer |
|---|---|---|---|---|
| KISHORBHAI SHETH | KAMLESHBHAI KANDOI | RADHESHYAM SHAH | RAJESHKUMAR PATEL | BHARATBHAI PUROHIT |
| 98250 50555 | 98250 12294 | 98240 79903 | 99245 43039 | 98790 31801 |
| kishorsheth1906@gmail.com | kbkandoi@gmail.com | radheshah7448@gmail.com | rajeshpatel43039@gmail.com | |


પ્રતિ શ્રી,
નટુભાઈ પટેલ
પ્રેસિડેન્ટ શ્રી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ
અમદાવાદ.

તારીખ:28/4/2021

**વિષય: ગુજરાત ગવર્મેન્ટ ના 27.04.2021 તારીખના હુકમ ક્રમાંક વિ-1/કવઅ/102020/482 મુજબ અમારા મીઠાઈ ફરસાણ ના ધંધાર્થી ને દુકાન ચાલુ રાખવા બાબત સ્પષ્ટતા ન હોવાથી પડતી અગવડતા બાબત .**

આદરણીય સાહેબ શ્રી,

આપની કુશળતા ઈચ્છતા અમો ઉપરોક્ત વિષયે જણાવવાનું કે અમારા ધંધાર્થીઓને લગતી ઓર્ડર માં સ્પષ્ટ સૂચના ન હોવાથી અમારા મીઠાઈ ફરસાણ (ખાધ પદાર્થો) નો વેપાર કરતા વેપારીઓને દુકાનો શરૂ રાખવા અસમંજસ જોવા મળે છે અને ગુજરાતના વિવિધ જિલ્લામાં અમારા trade ને પોલીસ દ્વારા દુકાનો બંધ કરાવવા માટે કહેવાઈ રહ્યું છે.

જ્યારે સરકારશ્રી તરફથી રેસ્ટોરન્ટ માટે take away સુવિધા સાથે તેને ચાલુ રાખવા પરમિશન અપાયેલ છે. તો અમારી આઇટમ પણ takeaway પ્રકાર છે. અને લાઈવ કોઈને સ્થળ પર ખાવા ન આપી શકાય તે સુચના સાથે અમારો વેપાર ચાલુ રાખી શકાય તેવી સ્પષ્ટતા આપ કરશોજી .

જ્યારે પચાસ માણસો માટે લગ્ન પ્રસંગ ચાલુ રાખી શકાય તે પ્રકારે સૂચના છે, તો આ પ્રસંગમાં પણ અમારી આઇટમોની જરૂરિયાત રહેતી હોય છે.

બેકરી તથા પ્રોવિઝન સ્ટોર ને ખુલ્લી રાખવા પરમિશન અપાયેલ છે અને અમારી દુકાનોમાં પણ આજ પ્રકારની આઇટમો વેચાતી હોય છે.


: Vice Presidents :

| V. P. VAISHNAV | JAYANTILAL SHETH | RAJESHBHAI SUKHADIA | BHUPENDRABHAI MITHAIWALA | BAIJUBHAI MEHTA | ASHOKBHAI KHANDELVAL |
|---|---|---|---|---|---|
| 99099 99199 | 98250 36146 | 97234 64526 | 93767 01144 | 98242 14861 | 98242 66516 |

**Shree Gujarat Rajya Mithai Farsan Utpadak Vepari Mahamandal**

Correspondance Address : **C/o. Kandoi Bhogilal Mulchand**
2715, Kandoi Ole, Manek Chowk, Ahmedabad - 380 001 Gujarat (India) • E-mail : gujaratsweetfarsan@gmail.com

| Chairman | President | Senior Vice President | Chief Secretary | Treasurer |
|---|---|---|---|---|
| KISHORBHAI SHETH | KAMLESHBHAI KANDOI | RADHESHYAM SHAH | RAJESHKUMAR PATEL | BHARATBHAI PUROHIT |
| 98250 50555 | 98250 12294 | 98240 79903 | 99245 43039 | 98790 31801 |
| kishorsheth1906@gmail.com | kbkandoi@gmail.com | radheshah7448@gmail.com | rajeshpatel43039@gmail.com | |


દરેક મિલ્ક પાર્લર ઉપર શ્રીખંડ-મઠો નું વેચાણ અને દરેક પ્રોવિઝન સ્ટોરમાં નમકીન નું વેચાણ શરૂ રહેતું હોય છે તો અમારા વેપારી ને બંધ રાખવાથી અન્યાય થશે.

જો અમારા ધંધાર્થીને દુકાનો ચાલુ રાખવા પરમિશન નહીં મળે તો અમારી પાસે પડેલ તૈયાર તથા કાચા માલસામાન નો બગાડ થવાથી અમોને ખૂબ જ નુકસાન જશે. જે હાલની પરિસ્થિતિમાં દરેક વેપારી માટે અસહ્ય બનશે.

તો આપ શ્રી ને વિનંતી કે આ બાબતમાં સ્પષ્ટીકરણ માંગી અને અમોને ન્યાય કરશોજી.

અમારા દરેક વેપારીઓ covid ગાઇડલાઇન નું પાલન કરશે જેની અમો ખાતરી આપીએ છીએ.

આપના આભારી.

શ્રી ગુજરાત રાજ્ય મીઠાઈ ફરસાણ ઉત્પાદક વેપારી મહામંડળ

| અધ્યક્ષ કિશોર શેઠ | પ્રમુખ કમલેશ કંદોઈ | ઉપપ્રમુખ બૈજુ મહેતા |
|---|---|---|
| Kishore. 2.7. S | [signature] | [signature] |

નકલ: (1) હિરેનભાઈ ગાંધી food એન્ડ dairy કમિટી ચેરમેન.